UNITE FOR GOOD

# Rotary

Surendranagar, District 3060

Team Achievers


CHARTER NO. : 15139 | RI DISTRICT : 3060 | CHARTER DATE : 29/05/1955

YEAR-71

# ઉદગમ

MAY.26

*Together, we create lasting impact*




## WATER COOLER PROJECT IN SCHOOL

- Providing clean & safe drinking water to students.
- Promoting health & hygiene in school.

## EYE CHECKUP CAMP IN RURAL AREA

- Early detection of eye problems.
- Providing guidance & spectacles when needed.
- Caring for our rural community.







## TV DONATION IN SCHOOL

- Supporting digital education.
- Enhancing learning experience through audio-visual content.
- Building a brighter future for our children.

RI PRESIDENT : RTN. FRANSESCO AREZZO
DG : RTN. AMARDEEP BUNET

CLUB PRESIDENT : RTN. HIREN SHAH
CLUB SECRETARY : RTN. JITESH DEFTARY



## આઈ ચેકઅપ કેમ્પ, એનિમિયા કેમ્પ તથા મેગા મેડિકલ કેમ્પ






તારીખ : ૧-૫-૨૦૨૬
સ્થળ : મુ. ખોડુ, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર. લાભાર્થીઓ : ૪૨૦ લાભાર્થીઓ






તારીખ : ૨-૫-૨૦૨૬
સ્થળ : મુ. વાડલા, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર. લાભાર્થીઓ : ૪૦૦ લાભાર્થીઓ






તારીખ : ૪-૫-૨૦૨૬
સ્થળ : મુ. ઝાંપોદર, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર. લાભાર્થીઓ : ૨૭૦ લાભાર્થીઓ

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## આઈ ચેકઅપ કેમ્પ, એનિમિયા કેમ્પ તથા મેગા મેડિકલ કેમ્પ







તારીખ : ૫-૫-૨૦૨૬
સ્થળ : મુ. ખોડીયાદ, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર. લાભાર્થીઓ : ૨૫૦ લાભાર્થીઓ







તારીખ : ૬-૫-૨૦૨૬
સ્થળ : મુ. રામપરા, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર. લાભાર્થીઓ : ૩૫૦ લાભાર્થીઓ










તારીખ : ૭-૫-૨૦૨૬
સ્થળ : મુ. ભદ્રેશી, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર. લાભાર્થીઓ : ૩૪૭ લાભાર્થીઓ

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



## આઈ ચેકઅપ કેમ્પ, એનિમિયા કેમ્પ તથા મેગા મેડિકલ કેમ્પ






તારીખ : ૮-૫-૨૦૨૬
સ્થળ : મુ. ફુલગ્રામ, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર. લાભાર્થીઓ : ૩૧૦ લાભાર્થીઓ






તારીખ : ૯-૫-૨૦૨૬
સ્થળ : મુ. ખજેલી, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર. લાભાર્થીઓ : ૩૩૫ લાભાર્થીઓ







તારીખ : ૧૧-૫-૨૦૨૬
સ્થળ : મુ. વસ્તડી, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર. લાભાર્થીઓ : ૨૯૭ લાભાર્થીઓ

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## આઈ ચેકઅપ કેમ્પ, એનિમિયા કેમ્પ તથા મેગા મેડિકલ કેમ્પ








તારીખ : ૧૨-૫-૨૦૨૬
સ્થળ : મુ. કટુડા, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર. લાભાર્થીઓ : ૨૭૦ લાભાર્થીઓ






તારીખ : ૧૩-૫-૨૦૨૬
સ્થળ : મુ. ખેરાળી, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર. લાભાર્થીઓ : ૩૦૦ લાભાર્થીઓ








તારીખ : ૧૪-૫-૨૦૨૬
સ્થળ : ગણપતિ ફાટસર, વઢવાણ, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર. લાભાર્થીઓ : ૫૦૦ લાભાર્થીઓ

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



## આઈ ચેકઅપ કેમ્પ, એનિમિયા કેમ્પ તથા મેગા મેડિકલ કેમ્પ








તારીખ : ૧૫-૫-૨૦૨૬
સ્થળ : મુ. વડોદ, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર. લાભાર્થીઓ : ૩૧૦ લાભાર્થીઓ







તારીખ : ૧૬-૫-૨૦૨૬
સ્થળ : મુ. મોટી ટીંબી, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર. લાભાર્થીઓ : ૨૬૦ લાભાર્થીઓ





તારીખ : ૧૮-૫-૨૦૨૬
સ્થળ : મેમકા, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર. લાભાર્થીઓ : ૩૨૦ લાભાર્થીઓ

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## આઈ ચેકઅપ કેમ્પ, એનિમિયા કેમ્પ તથા મેગા મેડિકલ કેમ્પ




તારીખ : ૧૯-૫-૨૦૨૬
સ્થળ : મુ. કારીયાણી, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર. લાભાર્થીઓ : ૨૮૫ લાભાર્થીઓ



તારીખ : ૨૪-૫-૨૦૨૬
સ્થળ : મુ. ફુલગ્રામ, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર. લાભાર્થીઓ : ૨૬૦ લાભાર્થીઓ



તારીખ : ૨૫-૫-૨૦૨૬
સ્થળ : ગોમટા, વઢવાણ, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર. લાભાર્થીઓ : ૨૬૫ લાભાર્થીઓ

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



## આઈ ચેકઅપ કેમ્પ, એનિમિયા કેમ્પ તથા મેગા મેડિકલ કેમ્પ



તારીખ : ૨૬-૫-૨૦૨૬
સ્થળ : મુ. ગુંદિયાળા, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર. લાભાર્થીઓ : ૩૧૫ લાભાર્થીઓ



તારીખ : ૨૭-૫-૨૦૨૬
સ્થળ : મુ. ભડીયાદ, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર. લાભાર્થીઓ : ૨૯૦ લાભાર્થીઓ





તારીખ : ૨૮-૫-૨૦૨૬
સ્થળ : ખારવા, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર. લાભાર્થીઓ : ૩૨૩ લાભાર્થીઓ

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## આઈ ચેકઅપ કેમ્પ, એનિમિયા કેમ્પ તથા મેગા મેડિકલ કેમ્પ



તારીખ : ૨૯-૫-૨૦૨૬
સ્થળ : મુ. પ્રાણગઢ, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર. લાભાર્થીઓ : ૩૪૪ લાભાર્થીઓ






તારીખ : ૩૦-૫-૨૦૨૬
સ્થળ : મુ. નગરા, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર. લાભાર્થીઓ : ૩૧૯ લાભાર્થીઓ






તારીખ : ૩૦-૫-૨૦૨૬
સ્થળ : મુ. નગરા, તા. વઢવાણ, જી. સુરેન્દ્રનગર. લાભાર્થીઓ : ૩૧૯ લાભાર્થીઓ

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



## આઈ ચેકઅપ કેમ્પ, એનિમિયા કેમ્પ તથા મેગા મેડિકલ કેમ્પ

શ્રીમદ્ રાજચંદ્ર સર્વમંગલ હોસ્પિટલ તથા રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા મે મહિનામાં આઇ ચેકઅપ કેમ્પ તથા એનિમિયા ચકઅપ કેમ્પ આ બન્ને કેમ્પનું મેગા મેડિકલ કેમ્પ રાખવામાં આવ્યુ હતુ. આ મેગા મેડિકલ કેમ્પમાં સુરેન્દ્રનગરના આજુ-બાજુનાં બધા જ ગામડાઓમાં નિષ્ણાતોની ટીમ દ્વારા ચેકઅપ કરવામાં આવ્યુ હતુ. હાજર તમામ લોકોની આંખોની સંપુર્ણ તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન દુરના તેમજ નજીકના નંબર ચકાસણી આધુનિક સાધનો દ્વારા કરવામાં આવી, જેથી આંખની દ્રષ્ટિ સંબંધિત સમસ્યાઓનું યોગય નિદાન થઇ શકે. તપાસ દરમિયાન જો કોઇ વ્યકિતને આંખમાં મોતિયો હોવાનું જણાશે તો તેમને વધુ સારવાર માટે માર્ગદર્શન આપવામાં આવશે તથા જરૂરિયાત મુજબ હોસ્પિટલમાં લઇ જઇ મોતિયાનું ઓપરેશન કરવામાં આવશે. આ ઉપરાંત જેમને આંખોના નંબર હોવાનું નિદાન થશે તેમને નિઃશુલ્ક નંબરવાળા ચશ્મા આપવામાં આવશે.

કેમ્પ દરમિયાન આંખોની સ્વચ્છતા તથા આંખો જાળવવા અંગે ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યુ. આ મેગા આઇ ચેકઅપ કેમ્પ સમાજ સેવાના ઉતમ ઉદાહરણરૂપ છે. જેનાથી લોકો સમયસર આંખોની સારવાર મેળવી સ્વસ્થ આંખો તરફ આગળ વધી શકે.

મે મહિના દરમિયાન આયોજિત મેગા એનિમિયા મેડિકલ ચેકઅપ કેમ્પમાં સુરેન્દ્રનગરના આજુ-બાજના ગામડાઓમાં નિષ્ણાંત ટીમ દ્વારા એનિમિયા ચેકઅપ કેમ્પ કરવામાં આવ્યુ.

લોહીની ઉણપ(એનિમિયા), હિમોગ્લોબિનનું પ્રમાણ, કૃમિ તેમજ વિવિધ લોહી સંબંધિત વિકારોની તપાસ આધુનિક સાધનો દ્વારા કરવામાં આવી હતી. તપાસ દરમિયાન જેમના શરીરમાં હિમોગ્લોબિનનું પ્રમાણ ઓછુ હોવાનુ જણાયુ તેમને તાત્કાલિક આરોગ્ય સંબંધિત યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. સાથે જ આર્યન તથા ફોલિક એસિડની ટેબ્લેટ નિઃશુલ્ક આપવામાં આવી હતી. જેથી શરીરમાં લોહીની માત્રા વધે અને આરોગ્યમાં સુધારો થાય. ખાસ કરીને મહિલાઓ, કિશોરીઓ તથા બાળકોમાં વધતી એનિમિયા સમસ્યાને ધ્યાનમાં રાખીને સમયસર તપાસ તથા સારવારનું મહત્વ સમજાવવામાં આવ્યુ. આ મેગા મેડિકલ ચેકઅપ કેમ્પ સમાજમાં જાગૃતિ ફેલાવવા માટે ખુબ જ ઉપયોગી સાબિત થયો છે.

આવા આરોગ્યલક્ષી કેમ્પ દ્વારા લોકોની સમયસર નિદાન, યોગ્ય સારવાર તથા લીલા શાકભાજી, દાળ, ફળો, દુધ તથા આર્યન યુકત ખોરાક લેવાની સલાહ આપવામાં આવી હતી.

આ બન્ને મેગા મેડિકલ ચેકઅપમાં ૫૦૦૦ બેનિફિશિયરોએ ભાગ લીધો છે. રો. અલ્પેશ સોની (શુભમ જ્વેલર્સ) દ્વારા ભાગ લેનાર બેનિફિશિયરને ગિફ્ટ આપવામાં આવી છે. લાભાર્થીઓમાં આનંદ તથા ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## Meeting - 29

મીટીંગ કોલ ટુ ઓર્ડર : રો. નિતિન શાહ
ફોર વે ટેસ્ટ : રો. કે. એન. પટેલ
સુવિચાર : રો. હર્ષ મહેતા

ગ્રીટિંગ્સ : રો. કમલેશ રાવલ
એટેન્ડન્સ : રો. ચિંતન રાવલ
તારીખ : ૧૩-૫-૨૦૨૬, બુધવાર

પ્રાણગઢ શાળામાં સાયન્સ લેબોરેટરી કરવામાં આવી હતી તેનો અહેવાલ રો. રૂતા સોની દ્વારા આપવામાં આવ્યો.

મેગા મેડિકલ કેમ્પ, આઇ ચેકઅપ કેમ્પ તથા એનિમિયા કેમ્પનો અહેવાલ રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવ્યો.

આ બન્ને કેમ્પનાં ખુબ જ સારો રિસ્પોન્સ મળ્યો છે.

વોટર કુલરની જાણકારી રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવી. કયા અને કેવી રીતે વોટર કુલર કયા ગામમાં મુકવા તેની માહિતી વિસ્તાર સહિત આપી હતી.

લેંગ્વેજ લેબોરેટરી કરવા જઇ રહયા છીએ તેની માહિતી રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવી હતી.

બહારગામ ખાતે સાયન્સ લેબોરેટરી કરવા જઇ રહયા છીએ તેની ચર્ચા રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવી હતી.

રોટરી વર્ષ ૨૦૨૬-૨૭ની **GMS & CLLS** નો વિસ્તાર સહિત માહિતી રો. **UPCOMING** પ્રેસિડન્ટ હર્ષ મહેતા તથા **UPCOMING** સેક્રેટરી દિપિલ મહેતા દ્વારા વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

## કોમ્પ્યુટર શીખવાની તક

પ્રોજેક્ટ : કોમ્પ્યુટર શીખવાની તક
સમયગાળો : ૨ મહિના (રોજના બે કલાક)
સ્થળ : કલા કર્મપીઠ કલાસીસ

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તથા અનુબંધ સંસ્થાના સહયોગથી વેકેશન દરમિયાન દિકરીઓ માટે ખાસ ''કલા કર્મપીઠ'' કલાસીસમાં કોમ્પ્યુટર કલાસિસનું આયોજન કરવામાં આવ્યુ. આ બે મહિનાના કોર્ષમાં રોજના બે કલાક તાલીમ આપવામાં આવી હતી. ઘણી દીકરીઓ કોમ્પ્યુટર શીખવાની ઇચ્છા રાખતી હોવા છતા વધુ ફીસના કારણે તાલીમ મેળવી શકતી નથી. તે બાબતને ધ્યાનમાં રાખીને આ કોર્ષની ફીસ માત્ર રૂા. ૧૦૦૦ રાખવામાં આવી હતી. જેથી વધુમાં વધુ દીકરીઓ તેનો લાભ લઇ શકે. આ તાલીમ દરમિયાન કોમ્પ્યુટરનો બેઝિક કોર્સ શીખવાડવામાં આવ્યો હતો. જેમાં ટાઇપિંગ, એમ.એસ. ઓફીસ, હાર્ડવેર તથા ઓનલાઇન ફોર્મ ભરવાની તાલીમ આપવામાં આવી હતી. આ પ્રકારની ઉપયોગી તાલીમથી દીકરીઓ ટેકનોલોજી પ્રત્યેનો આત્મવિશ્વાસ વધ્યો હતો તથા તેમના ભવિષ્ય માટે નવી તકો ઉભી થઇ હતી.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555





## બાળકો માટે ખાસ વર્કશોપ

પ્રોજેક્ટ : બાળકો માટે ખાસ વર્કશોપ
તારીખ : ૧૮-૫-૨૦૨૬ થી ૨૩-૫-૨૦૨૭
સ્થળ : કલા કર્મપીઠ કલાસીસ

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તથા અનુબંધ સંસ્થાના સહયોગથી **8 YEARS TO 10 YEARS** ના બાળકો માટે છ દિવસના વર્કશોપમાં કાગળ તથા કાપડ ઉપર વિવિધ પ્રકારની પેઇન્ટિંગ કલા શીખવાડવામાં આવી હતી. બાળકોમાં રહેલી સર્જનાત્મકતા તથા કલાત્મક કૌશલ્યને પ્રોત્સાહન મળે તે હેતુથી આ વર્કશોપની ફી માત્ર રૂા. ૩૦૦ રાખવામાં આવી હતી. જેથી વધુમાં વધુ બાળકો તેનો લાભ લઇ શકે. વર્કશોપ દરમિયાન બાળકોને કાગળ ઉપર કલાત્મક પેઇન્ટિંગ કરવાની વિવિધ રીતો શીખવાડવામાં આવી હતી. સાથે સાથે કાપડ ઉપર કેવી રીતે સુંદર તથા આકર્ષક પેઇન્ટિંગ કરવુ તેની પણ પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી. બાળકોને મટીરીયલ કલાસમાંથી જ આપવામાં આવ્યુ હતુ.

આ વર્કશોપ દ્વારા બાળકોમાં નવી કલા પ્રત્યે રસ જાગ્યો હતો. સૌજન્ય શ્રી સવિતાબેન વાડીલાલ વડીલ ચેરીટેબલ ટ્રસ્ટ તથા હસ્તે. શ્રી રમીલાબેન દિનેશભાઇ શાહ.




ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555





## બેઝિક યોગ તથા સ્વાસ્થ્ય વર્ગો

પ્રોજેક્ટ : બેઝિક યોગ તથા સ્વાસ્થ્ય વર્ગો
સ્થળ : કલા કર્મપીઠ કલાસીસ

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તથા અનુબંધ સંસ્થાના સહયોગથી બેઝિક યોગ તથા સ્વાસ્થ્ય વર્ગોનું ‘‘કલા કર્મપીઠ’’ કલાસીસમાં કરવામાં આવ્યુ હતુ. આ યોગ તાલીમ જેતલબેન ટ્રેનર દ્વારા આપવામાં આવી હતી. આ વર્ગોમાં બેઝિક યોગાભ્યાસ સાથે સાથે બ્લડ પ્રેશર(બીપી), ડાયાબિટિસ તેમજ વજન ઘટાડવા માટેના ખાસ સંશોધિત યોગાભ્યાસ શીખવાડવામાં આવ્યા હતા. નિયમિત યોગ દ્વારા શરીર તથા મનને સ્વસ્થ રાખવા અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. યોગ વર્ગોની ફી માત્ર રૂા. ૫૦૦ રાખવામાં આવી હતી. જેથી વધુમાં વધુ લોકો લાભ લઈ શકે. વર્ગો માટે બે અલગ બેંચ રાખવામાં આવી હતી. પ્રથમ બેચનો સમય ૬.૪૫ થી ૭.૪૫ તથા બીજી બેચનો સમય સવારે ૭.૪૫ થી ૮.૪૫ રાખવામાં આવ્યો હતો.

આ યોગ વર્ગોથી ભાગ લેનારાઓમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ વધી તેમજ સ્વસ્થ તથા નિયમિત જીવનશૈલી માટે પ્રેરણા મળી.

## વોટર કુલર - ૪

પ્રોજેક્ટ : વોટર કુલર
ડોનર : શ્રી અબ્બાસભાઈ દરેડીયા
તારીખ : ૨૧-૫-૨૦૨૬
સ્થળ : વહાણવટી પ્રા. શાળા - દુધરેજ

વહાણવટી પ્રાથમિક શાળા દુધરેજ રોડ અંતરાય વિસ્તારમાં આવેલ આ શાળા છે. આ શાળામાં વિભિન્ન જાતિના બાળકો અભ્યાસ કરે છે. હાલમાં આ શાળામાં ૧૩૫ બાળકો અભ્યાસ કરી રહયા છે. શાળામાં વિદ્યાર્થીઓ માટે ઠંડા તથા ચોખ્ખા પીવાના પાણીની યોગ્ય સુવિધા ઉપલબ્ધ નહોતી. આ જરૂરિયાતને દયાનમાં રાખીને વોટર કુલર તથા વોટર પ્યુરીફાયર રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા ફિટ કરવામાં આવ્યુ. આ સુવિધા શરૂ થતા હવે શાળાના બાળકોને શુદ્ધ, સ્વચ્છ અને ઠંડુ પાણી સરળતાથી મળી રહે છે. જેના કારણે વિદ્યાર્થીઓનું આરોગ્ય સારૂ રહેશે.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555









## વોટર કુલર - ૫

પ્રોજેક્ટ : વોટર કુલર
ડોનર : માતૃશ્રી જયાબેન હિંમતલાલ શાહ પરિવાર (મુંબઈ)
(હસ્તે સપાબેન)
તારીખ : ૨૧-૫-૨૦૨૬
સ્થળ : રસાલા શાળા, શાક માર્કેટ પાસે, શિયાણીની પોળ (વઢવાણ)

શ્રી પી. એસ. વઢવાણ શાળા નં.-૭ ખાતે રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરનાં સહયોગથી વોટર કુલર ફીટ કરવામાં આવ્યુ. આ શાળામાં અભ્યાસ કરતા મોટા ભાગના વિદ્યાર્થીઓ મધ્યમ તથા આર્થિક રીતે નબળી પરિસ્થિતિ ધરાવતા પરિવારોમાંથી આવે છે. જયા ઘરે ફ્રિજ અથવા ઠંડા પાણી જેવી સુવિધા ઉપલબ્ધ નથી. પરંતુ વોટર કુલર ફિટ કરવામાં આવતા હવે વિદ્યાર્થીઓને પીવાનું શુદ્ધ તથા ઠંડુ પાણી સરળતાથી મળી રહેશે. વોટર કુલર શરૂ થતા જ બાળકોમાં ખુબ જ આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. શાળા આચાર્યએ ખુબ ખુબ આભાર વ્યકત કર્યો હતો.








ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## રૈન વોટર હારવેસ્ટિંગ

પ્રોજેક્ટ : રૈન વોટર હારવેસ્ટિંગ
તારીખ : ૨૧-૫-૨૦૨૬
સ્થળ : સન ફલાવર, ગણપતિ મંદિર પાછળ

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા સનફલાવર સ્કુલ નજીક આવેલ ગણપતિ મંદિર ખાતે વરસાદી પાણીના સંચય, જળ સંરક્ષણ તથા ભુગર્ભ જળસ્તર રિચાર્જ કરવાના ઉદેશ્ય સાથે એક નવીન વરસાદી પાણી સંગ્રહ પ્રણાલી વિકસાવવામાં આવી. મુખ્ય હેતુ માત્ર ભુગર્ભા જળસ્તર વધારવાનો જ નહી, પરંતુ કુદરતી રિચાર્જ પ્રક્રિયા દ્વારા ખરા ભુગર્ભ જળને ધીમે ધીમે તાજા પાણીમાં રૂપાંતરિત કરવામાં સહાયરૂપ થવાનો પણ છે. કિંમતી વરસાદી પાણી વ્યર્થ વહેવા દેવાના બદલે આ સિસ્ટમ દ્વારા પાણીને યોગ્ય રીતે જમીનમાં ઉતારવામાં આવે છે. જેથી તે કુદરતી રીતે સંગ્રહિત થઇ શકે તથા ઉનાળાની ઋતુ દરમિયાન ઉપયોગી બની શકે. પર્યાવરણ માટે અત્યંત લાભદાયી છે. ખાસ કરીને રો. ઉલ્લાસ મરાઠા દ્વારા તૈયાર કરવામાં આવેલ આ મોડેલ માત્ર ઉપયોગી જ નહી પરંતુ સમાજ માટે પ્રેરણાદાયક પણ છે.






ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



## વોટર કુલર - ૬

પ્રોજેક્ટ : વોટર કુલર
તારીખ : ૨૨-૫-૨૦૨૬
ડોનર : શ્રી અબ્બાસભાઈ દરેડીયા
સ્થળ : અણીન્દ્રા પ્રાથમિક શાળા

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરના સહયોગથી સુરેન્દ્રનગર નજીક આવેલ અણીન્દ્રા ગામ સ્થિત કુમારી મોનિકાબેન રશ્મિકાંત ગાર્ડી વિદ્યાલયમાં વિદ્યાર્થીઓ માટે વોટર કુલર ફિટ કરવામાં આવ્યુ હતુ. આ વિદ્યાલયમાં મુખ્યત્વે આર્થિકર રીતે નબળા તથા વંચિત પરિવારોના બાળકો અભ્યાસ માટે આવે છે. જયા પીવાના શુધ્ધ અને ઠંડા પાણી જેવી મુળભુત સુવિધાઓની અછત અનુભવાતી હતી. વિદ્યાર્થીઓની આ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ખાસ કરીને વોટર કુલર ફિટ કરવામાં આવ્યુ. જેના કારણે બાળકોમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.





## વોટર કુલર - ૭

પ્રોજેક્ટ : વોટર કુલર
તારીખ : ૨૩-૫-૨૦૨૬
ડોનર : શ્રી અબ્બાસભાઈ દરેડીયા
સ્થળ : માળોદ ગામ, હાઈસ્કૂલ

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા સુરેન્દ્રનગર નજીક હિતેનકુમાર રશ્મિકાંત ગાર્ડી વિદ્યાલય હાઈસ્કુલ ખાતે વોટર કુલર ફીટ કરવામાં આવ્યુ. આ શાળામાં અભ્યાસ કરવા આતા બાળકોને ઠંડુ અને શુધ્ધ પીવાનું પાણી સરળતાથી ઉપલબ્ધ ન હોવાથી વિદ્યાર્થીઓને ખાસ કરીને ઉનાળાની ગરમીમાં મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. વિદ્યાર્થીઓની આ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વોટર કુલર ફિટ કરવામાં આવ્યુ. વોટર કુલર ફિટ થતા હવે બાળકોને સ્વચ્છ અને ઠંડુ પીવાનું પાણી સરળતાથી મળી રહયુ છે. શાળા પરિવાર તેમજ ગ્રામજનો દ્વારા આ ઉત્તમ સેવાકીય કાર્ય બદલ રોટરી કલબ ઓફ

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555






## વોટર કુલર - ૮

પ્રોજેક્ટ : વોટર કુલર
ડોનર : શ્રી અબ્બાસભાઇ દરેડીયા

તારીખ : ૨૩-૫-૨૦૨૬
સ્થળ : સોમાસર પ્રાથમિક શાળા

રોટરી ક્લબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા સુરેન્દ્રનગરથી ૨૫ કિલોમીટર દુર આવેલા સોમાસર ગામની પ્રાથમિક શાળામાં વોટર કુલર તથા વોટર પ્યુરીફાયર સફળતા પુર્વક ફિટ કરવામાં આવ્યુ. ગ્રામીણ વિસ્તારમાં ખાસ કરીને વિદ્યાર્થી તથા સ્થાનિક લોકોને શુધ્ધ અને ઠંડુ પીવાનું પાણી સરળતાથી ઉપલબ્ધ થાય તે હેતુથી વોટર કુલર ફિટ કરવામાં આવ્યુ. વોટર કુલર તથા વોટર પ્યુરિફાયરની સુવિધા મળતા બાળકોને સ્વચ્છ અને ઠંડુ પાણી સરળતાથી મળી રહ્યુ છે. વિદ્યાર્થીઓ તેમજ ગ્રામજનોમાં આનંદ તથા ઉત્સાહ જોવા મળ્યો હતો.










## વોટર કુલર - ૯

પ્રોજેક્ટ : વોટર કુલર
ડોનર : શ્રી અબ્બાસભાઇ દરેડીયા

તારીખ : ૨૫-૫-૨૦૨૬
સ્થળ : કોઠારીયા હાઇસ્કૂલ

રોટરી ક્લબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા સુરેન્દ્રનગરમાં આવેલી પ્રાથમિક શાળામાં જ્યાં આર્થિક તથા નબળા પરિવારોમાંથી બાળકો અભ્યાસ કરવા આવે છે, જ્યાં અગાઉ ઠંડા તથા સ્વચ્છ પીવાના પાણીની પુરતી સગવડ ઉપલબ્ધ ન હતી. વિદ્યાર્થીઓને શુધ્ધ તથા ઠંડુ પાણી સરળતાથી મળી રહે તથા ખાસ કરીને ઉનાળાની ગરમીમાં તેમને રાહત મળે તે હેતુથી આ સેવા કાર્ય કરવામાં આવ્યુ હતુ. વોટર કુલર સ્થાપિત થતા વિદ્યાર્થીઓમાં આનંદ તથા ઉત્સાહ જોવા મળ્યો હતો. આ કાર્ય દ્વારા બાળકોના આરાગ્ય તથા સુવિધાને પ્રાથમિકતા આપવાનો સુંદર પ્રયાસ થયો છે.



## વોટર કુલર - ૧૦

પ્રોજેક્ટ : વોટર કુલર
ડોનર : શ્રી અબ્બાસભાઇ દરેડીયા

તારીખ : ૨૫-૫-૨૦૨૬
સ્થળ : લલીતાબાઇ વૃદ્ધાશ્રમ - ખોડુ

રોટરી ક્લબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા ખોડુ ગામ નજીક લલીતબાઇ વૃધ્ધાશ્રમમાં સ્વચ્છ તથા ઠંડુ પીવાનું પાણી મળી રહે તે હેતુથી વોટર કુલર ફિટ કરવામાં આવ્યુ હતુ. આ વૃધ્ધાશ્રમમાં રહેતા વૃધ્ધોને અગૌ શુધ્ધ તથા ઠંડા પાણીની પુરતી સગવડ ઉપલબ્ધ ન હતી. ખાસ કરીને ઉનાળીની ગરમીમાં વૃધ્ધોને આરોગ્યપ્રદ પાણી સરળતાથી મળી રહે તે જરૂરી બનતું હતુ. આ બાબતને ધ્યાનમાં રાખીને સેવાભાવી અભિગમ સાથે વૃધ્ધાશ્રમમાં વોટર કુલર સ્થાપિત કરવામાં આવ્યા. વોટર કુલર ફિટ થતાં વૃધ્ધાશ્રમનાં રહેવાસીઓમાં આનંદ અને સંતોષની લાગણી સ્પષ્ટ જોવા મળી હતી. વૃધ્ધોના આરોગ્ય તથા સુવિધાની કાળજી લેવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો.









ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## અન્નપુર્ણા

પ્રોજેક્ટ : અન્નપુર્ણા
ડોનર : રો. અલ્પેશ સોની, જયના સોની,
(શુભમ જવેલર્સ)

તારીખ : ૨૫-૫-૨૦૨૬
સ્થળ : કૃષ્ણનગર વસાહત

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર ખાતે કૃષ્ણનગર ખાતે આવેલ વસાહતમાં ૪૭ પરિવારોને પ્રતિ પરિવાર ૫ કિલો કેસર કેરીના બોકસનું વિતરણ કરવામાં આવ્યુ. આ પ્રોજેકટ અંતર્ગત ૫૦ કેરીના બોકસ આપવામાં આવ્યા હતા. રો. અલ્પેશ સોનીના પિતાશ્રી ધીરજભાઇ સોનીના પુણ્યતિથિ નિમિતે તેમના પરિવાર તરફથી બાર મહિનાના સહયોગ તથા કન્ફર્મેશન સાથે સહકાર આપવામાં આવ્યો હતો. કૃષ્ણનગર વિસ્તારમાં મુખ્યત્વે કચરાની ગાડીઓ સાથે સંકળાયેલા શ્રમિક પરિવરો વસાવાટ કરે છે. ત્યાંની રહેણી-કરણી તથા સ્વચ્છતાની પરિસ્થિતિ અત્યંત મુશ્કેલ તથા ગંદકી ભરી છે. પરિવારો આર્થિક રીતે નબળા હોવાથી રોજિંદા ભોજનની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કેરીના બોકસ આપવામાં આવ્યા હતા. રો. નિતિન પટેલ દ્વારા સ્થળ પસંદગીથી લઇને વ્યવસ્થા વિતરણ સુધીની મહેનત કરી હતી.







## Meeting - 30

મીટીંગ કોલ ટુ ઓર્ડર : રો. ક્રિષ્ના સોલંકી
ફોર વે ટેસ્ટ : રો. પ્રત્યુશ ગોસલીયા
સુવિચાર : મેઘાવિની રાવલ

ગ્રીટિંગ્સ : રો. રૂતા સોની
એટેન્ડન્સ : રો. કમલેશ રાવલ
તારીખ : ૨૮-૫-૨૦૨૬, બુધવાર

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા ખોડુ કુમાર શાળામાં સ્માર્ટ ટીવી ડોનેટ કરવામાં આવ્યુ. આ શાળામાં અભ્યાસ કરતા બાળકો ગરીબ તથા જરૂરિયાતમંદ પરિવારોમાંથી આવે છે. જેથી તેમને આધુનિક સુવિધા મળી રહે તે હેતુથી સ્માર્ટ ટીવી અર્પણજ્ઞ કરવામાં આવ્યુ. શાળા પ્રિન્સિપાલ મેહુલ આચાર્યને રોટરી હોલ આતે આમંત્રિત કરી સન્માનપુર્વક સ્માર્ટ ટીવી અપર્ણ કરવામાં આવ્યુ. ટીવી દ્વારા બાળકોને ડિજિટલ શિક્ષણ, શૈક્ષણિક વિડિયો, નવી ટેકનોલોજી આધારિત અભ્યાસમાં વધુ સહાય મળશે.

Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા શાળા નં.-૧૩માં સ્માર્ટ ટીવી અર્પણ કરવામાં આવ્યુ. આ શાળામાં પછાત વર્ગના તથા જરૂરિયાતમંદ પરિવારોના બાળકો અભ્યાસ કરે છે. વિદ્યાર્થીઓને આધુનિક ટેકનોલોજી આધારિત શિક્ષણની સુવિધા મળી રહે તથા તેઓ ડિજિટલ માધ્યમ દ્વારા વધુ સારી રીતે અભ્યાસ કરી શકે તે હેતુથી સ્માર્ટ ટીવી આપવામાં આવ્યુ હતુ. શાળાના પ્રિન્સિપાલ સંજ્ઞા આચાર્યને રોટરી હોલ પર બોલાવીને અર્પણ કરવામાં આવ્યુ. બાળકોને શૈક્ષણિક વિડિઓ, ડિજિટલ લર્નિંગ તથા નવી શિક્ષણ પદ્ધતિઓનો લાભ મળશે.

આઇ ચેકઅપ કેમ્પ તથા એનિમિયા ચેકઅપ કેમ્પનો અહેવાલ ફસ્ટ લેડી તોરલ શાહ દ્વારા આપવામાં આવ્યો.

અન્નપુર્ણા પ્રોજેકટનો અહેવાલ રો. નિતિન પટેલ દ્વારા આપવામાં આવ્યો.

વોટર કુલરનો વિગતવાર અહેવાલ રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવ્યો.

સીનીયર સીટીઝનની સન્માન ઈવેન્ટ રાખવાની છે તેની ચર્ચા રો. પ્રેસિડન્ટ હિરેન શાહ દ્વારા આપવામાં આવી.

૨૮ જુન ૨૦૨૬ વડોદરા ખાતે એવોર્ડ ફંકશન છે તેની માહિતી રો. પ્રેસિડન્ટ હિરન શાહ દ્વારા આપવામાં આવી.







## વોટર કુલર - ૧૧

પ્રોજેક્ટ : વોટર કુલર
ડોનર : જયાબેન હિંમતલાલ શાહ (મુંબઇ)
(હસ્તે રો. રાકેશ શાહ)

તારીખ : ૨૯-૫-૨૦૨૬
સ્થળ : કોઠારી બાલમંદિર

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા કોઠારી બાલ મંદિર ખાતે વિદ્યાર્થીઓમાટે વોટર કુલર ફિટ કરવામાં આવ્યુ. શાળામાં અભ્યાસ કરતા ૩૦૦ બાળકોને સ્વચ્છ તથા ઠંડુ પીવાનુ પાણી સરળતાથી મળી રહેશે. આ સુવિધા ઉપલબ્ધ થતા વિદ્યાર્થીઓમાં ખુશી તથા ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.




Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## વોટર કુલર - ૧૨

પ્રોજેક્ટ : વોટર કુલર
ડોનર : અબ્બાસભાઈ દરડીયા
(હસ્તે રો. ઋષભ શાહ)

તારીખ : ૨૯-૫-૨૦૨૬
સ્થળ : ઈન્દિરા નગર પ્રાથમિક શાળા (પાટડી)

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા પાટડી નજીક આવેલ ઈન્દિરા નગર પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ માટે વોટર કુલર ફીટ કરવામાં આવ્યુ. શાળામાં અભ્યાસ કરતા બાળકોને સ્વચ્છ તેમજ ઠંડુ પીવાનું પાણી સરળતાથી મળી રહે તે હેતુથી વોટર કુલર ફીટ કરવામાં આવ્યુ. વોટર કુલરની સુવિધા ઉપલબ્ધ થતા વિદ્યાર્થીઓમાં આનંદ તથા ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.





## વોટર કુલર - ૧૩

પ્રોજેક્ટ : વોટર કુલર
ડોનર : અબ્બાસભાઈ દરડીયા
(હસ્તે રો. ઋષભ શાહ)

તારીખ : ૩૦-૫-૨૦૨૬
સ્થળ : જરવાલા કેળવણી મંડળ

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા પાટડી વિસ્તારમાં આવેલ જરવાળા કેળવણી મંડળ શાળામાં વોટર કુલર ફીટ કરવામાં આવ્યુ. શાળામાં મુખ્યત્વે આર્થિક રીતે નબળા તથા વંચિત પરિવારોના બાળકો અભ્યાસ કરે છે. જ્યાં પીવાના સ્વચ્છ પાણી જેવી મુળભુત સુવિધાનો અભાવ હતો. આ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને રોટરી કલબે વિદ્યાર્થીઓના સ્વાસ્થય તથા સુખાકારીમાં સુધાર લાવવાના હેતુથી આ વોટર કુલર ફીટ કરવામાં આવ્યુ. આ સુવિધા માત્ર શુધ્ધ પીવાનું પાણી પુરતુ પાડશે એટલુ જ નહી, પરંતુ ગરમીના દિવસોમાં વિદ્યાર્થીઓને તાજુ તથા ઠંડુ પાણી મળી રહેશે. રોટરી કલબનો પ્રયાસ ખેખર **"Service Above Self"** ના રોટરીના મુળ મંત્રને સાકાર કરે છે.






ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



## વોટર કુલર - ૧૪

પ્રોજેક્ટ : વોટર કુલર
ડોનર : અબ્બાસભાઈ દરડીયા
(હસ્તે રો. ઋષભ શાહ)

તારીખ : ૩૦-૫-૨૦૨૬
સ્થળ : ઓમકાર વિદ્યાલય

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા ઓમકાર વિદ્યાલય(શ્રી સરસ્વતી સ્વાધ્યાય ટ્રસ્ટ) ખાતે વિદ્યાર્થીઓને શુધ્ધ તથા ઠંડુ પીવાનું પાણી ઉપલબ્ધ થાય તે હેતુથી વોટર કુલર ફીટ કરવામાં આવ્યુ. સલામત તથા સ્વચ્છ પીવાના પાણીની ઉપલબ્ધતા વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય તથા સર્વાંગી વિકાસ માટે અત્યંત જરૂરી છે. શાળાના વિદ્યાર્થીઓ તથા સ્ટાફના માણસોને શુધ્ધ, ઠંડુ તથા આરોગ્યપ્રદ પીવાનું પાણી સરળતાથી ઉપલબ્ધ રહેશે જેના કારણે તેમના સ્વાસ્થ્ય તથા અભ્યાસ પર સકારાત્મક અસર થશે. શાળાના આચાર્ય, ટ્રસ્ટીઓએ રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરનો ખુબ ખુબ આભાર વ્યકત કર્યો.










**રોટરી કલબ દ્વારા શાળામાં વોટરકુલર ભેટ અપાયા**

Sandesh

સુરેન્દ્રનગર : રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા વઢવાણ તાલુકાના વઢવાણ, અણીન્દ્રા, દુધરેજની વહાણવટીનગરની શાળા, માળોદ, ગુંદીયાળા, કોઠારીયા, મુળીના સોમાસર, સાયલાના ધાંધલપુર સહિતની શાળાઓમાં રૂપીયા ૫૦ હજારના વોટરકુલર ભેટ અપાયા છે. સંસ્થાના પ્રમુખ હીરેનભાઈ શાહના જણાવાયા મુજબ હજુ ૮ શાળાઓમાં વોટરકુલર સંસ્થા દ્વારા આપવામાં આવનાર છે.



**શ્રી સરસ્વતી સ્વાધ્યાય ટ્રસ્ટ**
સવિધી એપાર્ટમેન્ટ સામે,માનવમંદિર રોડ,સુરેન્દ્રનગર
ફોન નં- ૯૪૨૭૦૪૫૧૨૧,E-Mail – omkarvidyalaya@gmail.com
ટ્રસ્ટ રજી.નં.ઈ-૩૦૬

તા ૩૦-૦૫-૨૦૨૬

સ્નેહી શ્રી..........
રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર......

સાદર નમસ્કાર સાથ જણાવવાનું કે અમારા વિદ્યાલયના બાળકોને પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે હેતુથી વિદ્યાલય માં વોટર કુલર આપી આપના તરફથી અમારી સંસ્થાને જે અનુદાન અને સાથ સહકાર મળ્યો તે માટે અમો પ્રમુખશ્રી હિરેનભાઈ શાહ ,સેકેટરીશ્રી જીતેશભાઈ દફ્તરી તથા સમગ્ર રોટરી કલબ પરીવાર અને અબ્બાશભાઈ દરડીયા વગેરે નો હદયથી આભાર વ્યકત કરીએ છીએ તથા આવનારા દિવસોમાં આપશ્રી આપના પરિવાર સાથે અમારી સંસ્થા ની રૂબરૂ મુલાકાત લઈને અમને પુન:કૃતાર્થ કરશો જી.

ધન્યવાદ

લી
પ્રમુખશ્રી
શ્રી સરસ્વતી સ્વાધ્યાય ટ્રસ્ટ
સુરેન્દ્રનગર



દિવ્ય ભાસ્કર સુરેન્દ્રનગર 29-05-2026
રિપોર્ટર - સેતુભાઇ ગોસ્વામી

**રોટરી ક્લબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા ખોડુ પ્રાથમિક શાળામાં ટીવીનું દાન**

**શાળા પરિવારે તમામ દાતાઓનો આભાર માન્યો**

રિપોર્ટર - સેતુભાઇ ગોસ્વામી

રોટરી ક્લબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા શિક્ષણ ક્ષેત્રે વધુ એક પ્રશંસનીય પ્રોજેક્ટ અમલમાં મૂકાયો છે. ડિજિટલ શિક્ષણના આ યુગમાં ગ્રામ્ય વિસ્તારના બાળકો પણ આધુનિક ટેક્નોલોજીના માધ્યમથી શિક્ષણ મેળવી શકે તેવા હેતુ સાથે ક્લબ દ્વારા ખોડુ કુમાર પ્રાથમિક શાળામાં ટીવી સેટનું ડોનેશન આપવામાં આવ્યું હતું.

રોટરી ક્લબના પ્રમુખ હિરેનભાઈ શાહ અને સેક્રેટરી જીતેશભાઈ દફતરીના સફળ કાર્યકાળ દરમિયાન આ સેવાયજ્ઞ યોજાયો હતો. આ સામાજિક પ્રકલ્પના મુખ્ય દાતા નિલેશભાઈ પંચોલી રહ્યા હતા. તેમના આર્થિક સહયોગ અને રોટરી ક્લબના સંયુક્ત પ્રયાસોથી બંને શાળાના વિદ્યાર્થીઓ માટે ટીવીની ભેટ અર્પણ કરાઈ હતી.

આ પ્રસંગે શાળા પરિવાર અને ગ્રામજનો દ્વારા રોટરી ક્લબની આ સંવેદનશીલ કામગીરીને બિરદાવાઈ હતી. શાળા પરિવારે મુખ્ય દાતા નિલેશભાઈ પંચોલી, પ્રમુખ હિરેનભાઈ શાહ, સેક્રેટરી જીતેશભાઈ દફતરી સહિત તમામ દાતાઓને બિરદાવ્યા હતા

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## વઢવાણ તાલુકાના ખોડુ ગામે નેત્ર નિદાન કેમ્પનો ૩૦૦થી વધુ લોકોએ લાભ લીધો






સુરેન્દ્રનગર : શ્રીમદ્ રાજચંદ્ર સર્વમંગલ ટ્રસ્ટ, ધરમપુર અને રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરના સંયુકત ઉપક્રમે વીઝન આઈ કેર પ્રોજેકટ અંતર્ગત વઢવાણ તાલુકાના ખોડુ ગામે આવેલ કન્યાશાળા ખાતે નેત્ર નીદાન કેમ્પનું આયોજન કરાયુ હતુ. જેમાં ૩૦૦થી વધુ લોકોએ કેમ્પનો લાભ લીધો હતો. આ તકે એનેમીયા ચેકઅપ કેમ્પ યોજાયો હતો. જ્યારે નિ:શૂલ્ક દવા અને ચશ્મા વીતરણ કરાયા હતા.

શ્રી અણીન્દ્રા કેળવણી મંડળ સંચાલિત

**કુમારી મોનીકાબેન રશ્મિકાન્ત ગાર્ડી વિદ્યાલય,અણીન્દ્રા**

મશબ/ન.શા./(૮૫)નોંધણી નં.(૯)૨૨૩૮૦/૮૩તા.૨૨/૦૭/૧૯૮૫

| ગામ | તાલુકો | જિલ્લો | પીનકોડ નંબર | સ્થાપનાવર્ષ | ડાયસ નંબર | SCHOOL ID |
|---|---|---|---|---|---|---|
| અણીન્દ્રા | વઢવાણ | સુરેન્દ્રનગર | ૩૬૩૧૧૦ | જુલાઈ-૧૯૮૫ | 24080500202 | 961 |

| S.S.C.INDEX NO. | H.S.C.INDEX NO. | SCHOOL E-MAIL ID | SCHOOL CODE |
|---|---|---|---|
| 69.0113 | 19.0216G(S) | acharya.anindra@gmail.com | 25 |

જાવક નંબર :- ૩૯૫. /૨૬-૨૭ તારીખ :- ૨૨/૦૫/૨૦૨૬

પ્રતિશ્રી,
પ્રેસીડન્ટ શ્રી,
રોટરી ક્લબ ઓફ. સુરેન્દ્રનગર
અબ્બાસભાઈ દરેડીયા,
સુરેન્દ્રનગરવાળા.

વિષય:- ખુબ ખુબ આભાર...

માનનીય શ્રી,

આજરોજ તા. ૨૧/૫/૨૦૨૬ ના આપના તરફથી અમારી ઉપરોક્ત શાળામાં ઠંડા પાણી માટે કુલર ભેટ આપવામાં આવ્યુ છે જેનો સહર્ષ સ્વીકાર કરીએ છીએ અને ટીમ રોટરી - રોટરી ક્લબ સુરેન્દ્રનગર નો ખુબ ખુબ આભાર. શાળા પરિવાર અને અણીન્દ્રા કેળવણી મંડળ વ્યક્ત કરે છે.

Mukesh
આચાર્ય,
કુ.એમ.આર.ગાર્ડી વિદ્યાલય
અણીન્દ્રા
Mukesh Nimavat
9638757339

**શ્રી સોમાસર પ્રાથમિક શાળા**
તા. મુળી જિ. સુરેન્દ્રનગર
શાળાનો ડાયસ કોડ:- 24080604901
શાળા સ્થાપના તારીખ: 1-11-1896
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

Email.principal24080604901@ssguj.in
તારીખ:-૨૩/૦૫/૨૦૨૬
વાર: શનિવાર

**આભાર પત્ર**

આજ રોજ સોમાસર પ્રાથમિક શાળા ખાતે રોટરી ક્લબ ઓફ સુરેંદ્રનગર તથા દાતાશ્રી નૂરબાનુબેન દરેડીયા(ઘણાદવાળા) હ.અબ્બાસભાઇ તરફથી શાળાના બાળકોને ઠંડાપાણી માટે શાળાને ઠંડા પાણીનુ વોટરકુલર ભેટમા આપેલ છે.આ પ્રસંગે સમગ્ર શાળા પરિવાર આ સંસ્થા- રોટરી ક્લબ ઓફ સુરેંદ્રનગર તથા આપશ્રીનો ખૂબ ખૂબ આભાર પ્રકટ કરે છે.તથા આપશ્રી-અને આ આયોજક સંસ્થા રોટરી ક્લબ ઓફ સુરેંદ્રનગર ખુબ પ્રગતિ કરો એવી શુભેચ્છા શાળા પરિવાર પાઠવે છે.

સોમાસર પ્રાથમિક શાળા પરિવાર

મુખ્ય શિક્ષક,
શ્રી સોમાસર પ્રા. શાળા
તા.મુળી, જિ.સુરેન્દ્રનગર.

# વઢવાણ તાલુકાના ત્રણ ગ્રામ્ય વિસ્તારમાં આઈ ચેકઅપ કેમ્પ અને એનેમીયા કેમ્પ યોજાયો









સુરેન્દ્રનગર : રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર અને શ્રીમદ્ રાજચંદ્ર ધરમપુર સંસ્થાના સંયુકત ઉપક્રમે વઢવાણ તાલુકાના વાઘેલા, વડોદ અને ટીંબા ખાતે આઈ ચેકઅપ કેમ્પ અને એનેમીયા કેમ્પનું આયોજન કરાયુ હતુ. જેમાં સી.યુ.શાહ મેડિકલ કોલેજ એન્ડ હોસ્પીટલના તબીબોએ અંદાજે ૧ હજારથી વધુ દર્દીઓને તપાસ્યા હતા.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555




રોટરી વર્ષ ૨૦૨૬-૨૭ રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરના **Rtn. Ruta Soni** ને **District(3060)** ના **GML Co-Editor** તરીકે નિમણૂક કરવામાં આવ્યા છે. તમારી સર્જનાત્મક વિચાર શૈલી, નવીન અભિગમ તથા નિષ્ઠાપુર્વકના પ્રયત્નનો સમર્પણ પ્રેરણારૂપ બની રહેશે. રોટરીના મૂલ્યોને વધુ ઉજાગર કરશે તેવી હાર્દિક શુભેચ્છાઓ






રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરના રો. રશ્મિન મહેતા, રો. ભાવના મહેતા રોટરી વર્ષ ૨૦૨૫-૨૬ **District(3060)** માં પ્રતિષ્ઠિત મેજર ડોનર લેવલ એક(૧) માન્યતા પ્રાપ્ત કરવા બદલ હાર્દિક અભિનંદન તથા ખુબ ખુબ શુભેચ્છાઓ... રોટરી ફાઉન્ડેશન પ્રત્યેનું આપનો ઉદાર યોગદાન અતુટ પ્રતિબધ્ધતા તથા માનવસેવા પ્રત્યેનો સમર્પિત અભિગમ એકતા માટે એક થવુ ની ભાવનાને પ્રતિબિંબિત કરે છે. સ્વ. ઉપર સેવા **(Service Above Self)** ના રોટરીના આદર્શને આપ બંનેએ જીવનમાં ઉતારી સમાજ સેવાન ક્ષેત્રમાં એક ઉતમ ઉદાહરણ પુરૂ પાડ્યુ છે. બંનેને ખુબ ખુબ હાર્દિક અભિનંદન તથા શુભેચ્છાઓ પાઠવીએ છીએ...







ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555













ideal

Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



CLUBS IN ACTION

Rotary District 3060 | UNITE FOR GOOD | Team Achievers

ROTARY CLUB OF SURENDRANAGAR






Rotary Club of Surendranagar continued its commitment towards quality education and rural development by inaugurating a modern Science Laboratory at the Primary School in Prangadh village on 30th April 2026.

Situated nearly 15 kilometers from Surendranagar, the school has now been equipped with a well-developed laboratory constructed at an estimated cost of ₹1,00,000. The newly established facility is considered one of the most advanced educational laboratories in the nearby rural region and is expected to significantly enhance students' learning experiences through practical education.

The laboratory includes a dedicated room furnished with various scientific and mathematical instruments, enabling students to perform experiments and gain hands-on understanding of Science and Mathematics subjects. The initiative has been undertaken with the objective of encouraging curiosity, innovation, and experiential learning among rural students.

The inauguration ceremony was graced by Assistant Governor Rtn. Sandipbhai Gandhi in the presence of Club President Rtn. Hiren Shah, Secretary Rtn. Jitesh Daftari, and nearly 20 members of the club.

This meaningful initiative marks yet another milestone for the Rotary Club of Surendranagar in the field of education and community service. The club firmly believes that such projects will play a vital role in improving the quality of rural education and inspiring students towards a brighter and more knowledgeable future.

**રોટરી વર્ષ ૨૦૨૫-૨૬ એપ્રિલ મહિનાના GML માં રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા કરવામાં આવેલ સાયન્સ લેબોરેટરી ને ડિસ્ટ્રીક્ટ (૩૦૬૦)માં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત થયુ છે.**

REWARDS & RECOGNITION

Rotary District 3060 | UNITE FOR GOOD | Team Achievers

TOP 5 CLUBS IN PUBLIC IMAGE AS PER RIZONES4567.ORG - APR 2026

| Rank | Club Name | President Name | Secretary Name | AG Name |
|---|---|---|---|---|
| 1 | BARODA JAWAHARNAGAR | Mitesh Vadhia | Manish Shah | Dr. Yuvraj Priyadarshi |
| 2 | SURENDRANAGAR | Hiren Shah | Jitesh Daftary | Sandeep Gandhi |
| 3 | BHAVNAGAR VIBRANT | Namrita Chadha | Sunita Shah | Himanshu Jagani |
| 4 | SURAT EAST | Kirit Vankadi | Hitesh Vekariya | Sandeep Nanavati |
| 4 | SURAT ROUNDTOWN | Kaurin Panwala | Dr. Meena Shah | Nehal Shah |
| 5 | RAJKOT PRIME | Nihar Chandarana | Mehul Parmar | Nilesh Bhojani |

**રોટરી વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન એપ્રિલ મહિનામાં GML માં રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર "પબ્લિક ઇમેજ કેટેગરીમાં " ડિસ્ટ્રીક્ટ ૩૦૬૦ માં ૧૦૫ કલબમાં બીજા ક્રમાંક પર આવેલ છે.**

ideal

Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

## TOP 10 CLUBS IN CLUB AND COMMUNITY SERVICE PROJECTS AS PER RIZONES4567.ORG - APR 2026

| Rank | Club Name | President Name | Secretary Name | AG Name |
|---|---|---|---|---|
| 1 | SURENDRANAGAR | HIREN SHAH | JITESH DAFTARY | SANDEEP GANDHI |
| 2 | AMRELI GIR | TRILOK BHATT | NIRAV ZINZUVADIA | GIRISH THAKKAR |
| 3 | BHAVNAGAR ROYAL | DR SHAKEEL CHAUHAN | NIRAV DOSHI | JATIN BHAYANI |
| 4 | CHIKHLI RIVERFRONT | SANJAY PATEL | DR CHIRAG DESAI | GAUTAM BHAVSAR |
| 5 | BHAVNAGAR | KAUSHAL SHETH | MAHIPALSINH RANA | HIMANSHU JAGANI |
| 6 | BHARUCH | CA BHAVESH HARIYANI | CA AKSHAR MEHTA | BRIJESH PARIKH |
| 7 | GANDEVI | SHAILESHBHAI VASHI | PARUL NAIK | GAUTAM BHAVSAR |
| 7 | HALVAD | GAJENDRA MORADIA | PRATIK PATHAK | DR ASHWIN GADHVI |
| 8 | RAJKOT PRIME | NIHAR CHANDARANA | MEHUL PARMAR | NILESH BHOJANI |
| 9 | DONDAICHA | HARISH JAIN | SACHIN SHAH | SANDEEP GIRASE |
| 10 | JAMNAGAR | HITESH CHANDARIA | NIHAR MALDE | NILESH BHOJANI |
| 10 | VAPI WEST | SUNIL THAKRAE | POOJA ARORA | GAUTAM BHAVSAR |

રોટરી વર્ષ ૨૦૨૫-૨૬ એપ્રિલ મહિનામાં GML માં રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર ‘‘સર્વિસ પ્રોજેકટમાં ’’ ડિસ્ટ્રીકટ ૩૦૬૦ માં ૧૦૫ કલબમાંથી પહેલા ક્રમાંક પર આવેલ છે.




## CAKES AND CANDLES




| | | | |
|---|---|---|---|
| 2 May | Ann. | Shree Bhavesh Parmar | B. D. |
| 3 May | Ann. | Isha Rakesh Shah | B. D. |
| 4 May | Ann. | Swayam Vipul Mandaliya | B. D. |
| 4 May | Rtn. | Harshaba Jadeja & Bharatsinh Jadeja | W. D. |
| 5 May | Ann. | Ritu Parimal Modi | B. D. |
| 7 May | Spo. | Swati Jayesh Meniya | B. D. |
| 8 May | Ann. | Harsh Pratyush Gosaliya | B. D. |
| 9 May | Ann. | Hardi Siddhesh Maheta | B. D. |

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



| | | | |
|---|---|---|---|
| 9 May | Rtn. | K. N. Patel & Lina Patel | W. D. |
| 10 May | Rtn. | Ullas Maratha Sir & Vina Maratha | W. D. |
| 11 May | Rtn. | Jinesh Shah & Jayshree Shah | W. D. |
| 17 May | Rtn. | Jitesh Daftari & Hemali Daftari | W. D. |
| 18 May | Rtn. | Jay Maheta & Dipal Maheta | W. D. |
| 19 May | Rtn. | Nitin Patel & Amita Patel | W. D. |
| 20 May | Ann. | Dr. Parth Nathvani Sir | B. D. |
| 20 May | Ann. | Mira Jagdish Halani | B. D. |
| 22 May | Ann. | Vatsal Nilesh Pancholi | B. D. |
| 23 May | Rtn. | Kamlesh Raval | B. D. |
| 23 May | Spo. | Amita Patel | B. D. |
| 28 May | Ann. | Amit Bhurani Sir | B. D. |
| 30 May | Ann. | Raina Siddhesh Vora | B. D. |

UNITE FOR GOOD

Team Achievers

ROTARY INTERNATIONAL




## CLUB CONTACTS

PRESIDENT
*Rtn. Hiren Shah*
90677 89182
hirenshah6699@gmail.com

SECRETARY
*Rtn. Jitesh Daftari*
98252 23552
daftory@hotmail.com

BULLETIN EDITOR
*Rtn. Krishna Solanki*
94081 12173
krishnaomicron@gmail.com

Publisher : Rotary Club of Surendranagar

MEET ON EVERY WEDNESDAY AT 8.30 PM. ROTARY HALL, NR. N.T.M. HIGH SCHOOL, SURENDRANAGAR-363001